# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

****************************************************

1) છત્તીસગઢમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં 27 નક્સલવાદી ઠાર- પ્રધાનમંત્રી અને કેન્દ્રીય ગૃહમંત્રીએ કાર્યવાહીને સીમાચિહ્નરૂપ સિદ્ધિ ગણાવી

2) ભારતે આજે ખુઝદાર બોમ્બ વિસ્ફોટમાં ભારતની સંડોવણીના પાકિસ્તાનનાં આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા

3) દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ વહેલું આવવાની શક્યતા-આગામી 3 થી 4 દિવસમાં કેરળમાં ચોમાસાની શરૂઆત થવાની આગાહી

4) ભારતના બાનુ મુશ્તાકના ટૂંકી વાર્તા સંગ્રહ 'હાર્ટ લેમ્પ' એ લંડનમાં આંતરરાષ્ટ્રીય બુકર પુરસ્કાર જીત્યો

5) IPLમાં, આજે મુંબઈ ઈન્ડિયન્સ સામે દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# CHHATTISGARH ENCOUNTER

છત્તીસગઢમાં, આજે નારાયણપુર જિલ્લાના અબુઝમાડ વિસ્તારમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં 27 નક્સલીઓ માર્યા ગયા છે. આ અથડામણમાં નક્સલીઓનો એક ટોચનો નેતા પણ માર્યો ગયો હોવાના અહેવાલ છે. સુરક્ષા કર્મચારીઓએ ઘટનાસ્થળેથી માર્યા ગયેલા નક્સલીઓના મૃતદેહ બહાર કાઢ્યા છે. જોકે ગોળીબાર દરમિયાન એક સુરક્ષા જવાન શહીદ થયો હતો. છત્તીસગઢના નારાયણપુર, દાંતેવાડા, બીજાપુર અને કોંડાગાંવ જિલ્લાના અનામત રક્ષકની ટીમે અબુઝમાડ વિસ્તારમાં મોટી સંખ્યામાં માઓવાદીઓ અને નક્સલીઓના એક ટોચના કેડરની હાજરીની ગુપ્ત માહિતી મળ્યા બાદ 2 દિવસ પહેલા સંયુક્ત ઓપરેશન શરૂ કર્યું હતું.

આજે સવારથી નક્સલીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ ચાલી રહી છે. ઘટનાસ્થળેથી મોટી સંખ્યામાં હથિયારો મળી આવ્યા છે.

# PM - HM - NAXALISM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે છત્તીસગઢમાં માઓવાદીઓ વિરુદ્ધના ઓપરેશનમાં દેશના સુરક્ષા દળોની નોંધપાત્ર સફળતા બદલ ગર્વ વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે સરકાર માઓવાદના ખતરાનો નાશ કરવા અને દેશના લોકો માટે શાંતિ અને પ્રગતિનું જીવન સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ આજના ઓપરેશનને નક્સલવાદને નાબૂદ કરવાના યુદ્ધમાં એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ ગણાવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી શાહે કહ્યું કે, નક્સલવાદ સામેની ભારતની લડાઈના ત્રણ દાયકામાં આ પ્રથમ વખત છે જ્યારે દેશના દળો દ્વારા મહાસચિવ હોદ્દાના નેતાને નિષ્ક્રિય કરાયા છે.

# INDIA-PAKISTAN

ભારતે આજે ખુઝદાર ઘટનામાં ભારતની સંડોવણીના પાકિસ્તાની આરોપોને પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આજે નવી દિલ્હીમાં જણાવ્યું હતું કે આતંકવાદના વૈશ્વિક કેન્દ્ર તરીકેની પ્રતિષ્ઠા પરથી ધ્યાન હટાવવા અને પોતાની મોટી નિષ્ફળતાઓ છુપાવવા માટે તમામ આંતરિક મુદ્દાઓ માટે ભારતને દોષી ઠેરવવાનો પાકિસ્તાનનો સ્વભાવ બની ગયો છે. તેમણે કહ્યું કે દુનિયાને ગેરમાર્ગે દોરવાનો આ પ્રયાસ નિષ્ફળ જશે. શ્રી જયસ્વાલે જણાવ્યું હતું કે આવી બધી ઘટનાઓમાં જાનમાલના નુકસાન પર ભારત શોક વ્યક્ત કરે છે.

# PM- AMRIT STATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આવતીકાલે ભારતના રેલવે માળખા માટે એક ઐતિહાસિક દિવસ છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું કે, અમૃત રેલવે મથકો આરામ, કનેક્ટિવિટી વધારશે અને દેશની ગૌરવશાળી સંસ્કૃતિની ઉજવણી કરશે. પ્રધાનમંત્રી મોદી આવતીકાલે આધુનિક સુવિધાઓ સાથેના 103 અમૃત ભારત સ્ટેશનોનું ઉદ્ઘાટન કરશે.

# PRALHAD JOSHI - UBER

કેન્દ્ર સરકારે એડવાન્સ ટિપના મુદ્દે કેબ સંચાલક ઉબેરને નોટિસ ફટકારી સ્પષ્ટતા માગી છે. ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી પ્રહ્લાદ જોશીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે એડવાન્સ ટિપની પ્રથા ખૂબ જ ચિંતાજનક છે અને તે અન્યાયી વેપાર પ્રથા છે. આ પ્રથાને ધ્યાનમાં લેતા, મંત્રીએ કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા સત્તામંડળ, CCPA ને તેની તપાસ કરવા જણાવ્યું હતું. CCPA એ આ સંદર્ભમાં ઉબેરને નોટિસ ફટકારી છે. શ્રી જોશીએ કહ્યું કે ઝડપી સેવા માટે વપરાશકર્તાઓને અગાઉથી ટિપ ચૂકવવા દબાણ કરવું એ અનૈતિક અને શોષણકારક છે. તેમણે કહ્યું કે સેવા પછી ટિપ પ્રશંસાના પ્રતીક તરીકે આપવામાં આવે છે, અધિકારની બાબત તરીકે નહીં. તેમણે ઉમેર્યું કે ગ્રાહકની બધી ક્રિયા-પ્રતિક્રિયાઓમાં નિષ્પક્ષતા, પારદર્શિતા અને જવાબદારી જાળવી રાખવી જોઈએ.

# BIHAR AMRIT BHARAT

બિહારના લોકોને આવતીકાલે બે અમૃત ભારત રેલવે સ્ટેશનોના ઉદ્ઘાટન સાથે મહત્વપૂર્ણ ભેટ મળશે. ભાગલપુર જિલ્લામાં પીરપૈંટી અને ગોપાલગંજ જિલ્લામાં થાવે જંકશન, મહત્વાકાંક્ષી અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ સમર્પિત થનારા બિહારના પ્રથમ સ્ટેશનો હશે. આકાશવાણી સમાચાર સાથે વાત કરતા, ભાગલપુર રેલવે એરિયા મેનેજર પ્રવીણ કુમારે જણાવ્યું કે પીરપૈંટીમાં વધારાની સુવિધાઓ તેને એક મહત્વપૂર્ણ પ્રવાસન કેન્દ્ર તરીકે સ્થાપિત કરશે.

**(બાઈટ:પ્રવીણ કુમાર-2045--FINAL--PRAVEEN-PIRPAINTI-RAILWAY)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# DELHI-TIRANGA YATRA

ઓપરેશન સિંદૂર દરમિયાન દેશના સશસ્ત્ર દળોની વીરતા, બહાદુરી અને વીરતાને માન આપવા આજે દિલ્હી તાલકટોરા સ્ટેડિયમથી કર્તવ્યપથ પર ખાલસા તિરંગા યાત્રા યોજાઇ. જેનું નેતૃત્વ દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કર્યું હતું. આ યાત્રામાં લોકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ જણાવ્યું આ રેલી દેશના બહાદુર જવાનોની વીરતાપૂર્ણ ગાથાઓ લોકો સુધી પહોંચાડવાનું અને યુવાનોને દેશસેવા માટે પ્રેરણા આપવાનું પ્રતીક છે.

**(બાઇટ: રેખા ગુપ્તા 1945--REKHA-ON-TIRANGA-YATRA)**

# EVE ALL PARTY DELEGATION VISIT

પાકિસ્તાન પ્રેરિત આતંકવાદને ઉજાગર કરવા માટે ભારતે આક્રમક વૈશ્વિક ઝુંબેશ શરૂ કરી છે, જેમાં બે સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ આજે નવ દેશોની મુલાકાતે રવાના થયું છે. ઓપરેશન સિંદૂર પર ભારતના રાજદ્વારી સંપર્કના ભાગરૂપે, JDU સાંસદ સંજય કુમાર ઝાના નેતૃત્વમાં એક સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ ઇન્ડોનેશિયા, મલેશિયા, દક્ષિણ કોરિયા, જાપાન અને સિંગાપોરના પાંચ દેશોના પ્રવાસ માટે રવાના થયું છે. શિવસેનાના સાંસદ શ્રીકાંત શિંદેના નેતૃત્વમાં બીજું એક પ્રતિનિધિમંડળ પણ યુએઈ, લાઇબેરિયા, કોંગો અને સિએરા લિયોનની મુલાકાતે જઈ રહ્યું છે જેથી નવી દિલ્હીના તમામ સ્વરૂપોમાં આતંકવાદ સામે લડવાના સંકલ્પને સમર્થન આપી શકાય.

# EVE. IMD WEATHER

આ વર્ષે દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ વહેલું આવી શકે છે, ભારતીય હવામાન વિભાગે આગામી 3 થી 4 દિવસમાં કેરળમાં ચોમાસાની શરૂઆત થવાની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર કેરળમાં ચોમાસાની શરૂઆત માટે પરિસ્થિતિઓ અનુકૂળ છે, જે તેની સામાન્ય તારીખ 1 તારીખથી પાંચ દિવસ પહેલા છે. આકાશવાણી ન્યૂઝ સાથે ખાસ વાત કરતા, હવામાન વિભાગના વૈજ્ઞાનિક નરેશ કુમારે જણાવ્યું હતું કે દક્ષિણ પશ્ચિમ ચોમાસુ હવે આગામી 3 થી 4 દિવસમાં કેરળમાં પ્રવેશ કરે તેવી અપેક્ષા છે અને તે ટૂંક સમયમાં બંગાળ અને ઉત્તરપૂર્વના ભાગોમાં આગળ વધે તેવી શક્યતા છે. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ માટે રાજસ્થાનમાં હીટવેવ અંગે રેડ એલર્ટ જાહેર કર્યું છે.

# BANU BOOKER

બાનુ મુશ્તાકના ટૂંકી વાર્તા સંગ્રહ 'હાર્ટ લેમ્પ' એ લંડનમાં આંતરરાષ્ટ્રીય બુકર પુરસ્કાર જીત્યો છે. સુશ્રી બાનુ પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય બુકર પુરસ્કાર જીતનાર કન્નડ લખતા પ્રથમ ભારતીય લેખિકા બન્યા છે. તેણીની પુરસ્કાર વિજેતા કૃતિ, હાર્ટ લેમ્પ, દીપા ભસ્તી દ્વારા અંગ્રેજીમાં અનુવાદિત 12 ટૂંકી વાર્તાઓનો સંગ્રહ છે.

આ પુસ્તક, જેનું મૂળ નામ કન્નડમાં હૃદય દીપા છે, તે 1990 થી 2023 સુધીના મુશ્તાકના સાહિત્યિક કાર્યના દાયકાઓને દર્શાવે છે અને કર્ણાટકમાં પારિવારિક અને સામાજિક સંઘર્ષના આકર્ષક ચિત્રણ માટે ઓળખાય છે. મંગળવારે રાત્રે લંડનના ટેટ મોર્ડન ખાતેના સમારોહમાં આ જાહેરાત કરવામાં આવી હતી, જ્યાં મુશ્તાક અને ભાસ્તી બંને પુરસ્કાર પ્રાપ્ત કરવા માટે હાજર હતા.

# PM ASIATIC LION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના ગીરમાં એશિયાઈ સિંહની વસતિમાં થયેલા વધારાને પ્રોત્સાહક ગણાવ્યો છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું હતું કે, પ્રોજેક્ટ લાયન હેઠળ કરવામાં આવી રહેલા પ્રયાસોથી ગુજરાતમાં સિંહોની સુરક્ષા સુનિશ્ચિત થઈ છે અને તેમને અનુકૂળ વાતાવરણ મળ્યું છે તે જોઈને આનંદ થાય છે.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 25 મે-એ આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ માસિક રેડિઓ કાર્યક્રમની 122-મી કડી હશે.

લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800, નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અથવા માય G.O.V. ઑપન ફૉરમના માધ્યમથી પણ મોકલી શકે છે. 23 મે સુધી મંતવ્યો અને વિચાર સ્વીકારવામાં આવશે.

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ ટી-20 ક્રિકેટમાં, આજે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાઈ રહી છે. દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે. છેલ્લા અહેવાલ પ્રમાણે મુંબઈ ઇન્ડિયન્સે 5 ઓવરમાં 1 વિકેટે 46 રન કર્યા છે.